# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 28-07-2025** **MIDDAY: 2.30 TO 2.35**
**DAY : MONDAY** **REGIONAL NEWS**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર અનિલ પટેલ વાંચે છે.**

# GUJARAT RAIN

રાજયમાં છેલ્લા 24 કલાક દરમિયાન સાર્વત્રિક મેઘમહેર થઇ છે. રાજ્યના 198 તાલુકામાં વરસાદ પડ્યો છે. ખાસ કરીને મધ્ય ગુજરાતમાં શ્રીકાર વરસાદ નોંધાયો છે. જેમાં ખેડા જિલ્લાના નડિયાદમાં સૌથી વધુ સાડા 10 ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત મહેમદા વાદમાં 9 ઈંચથી વધુ, માતરમાં 8 ઈંચથી વધુ, મહુધામાં 7 ઈંચથી વધુ , વસોમાં 6 ઈંચથી વધુ તેમજ કઠલાલમાં અને આણંદના ઉમરેઠ તાલુકામાં 5 ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. દરમિયાન અમદાવાદના દસ્ક્રોઈ તાલુકામાં પણ 10 ઇંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ 61 ટકાથી વધુ નોંધાયો છે.

ભારે વરસાદને પગલે રાજ્યના 49 જળાશય હાઇએલર્ટ પર છે. જ્યારે 24 એલર્ટ અને 19 જળાશય વોર્નિંગ પર છે. પંચમહાલ જિલ્લાનો પાનમ બંધ 80 ટકા ભરાતા રુલ લેવલ જાળવવા 10 હજાર 861 ક્યૂસેક પાણી છોડાયુ છે. ત્યારે આસપાસના અસરગ્રસ્ત 10 ગામોને એલર્ટ કરાયા છે. પાટણની સરસ્વતી બંધમાં 500 ક્યુસેક જેટલી પાણીની આવક થઈ છે. દરમિયાન છે. મહેસાણાના ધરોઇ બંધમાં 83 ટકાથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ થયો છે. હાલમાં પાણીની આવક એક હજાર 446 ક્યુસેક નોંધાઇ છે.

# BHANUBEN LABHARTHI DRAW

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ અનુસૂચિત જાતિના સ્વરોજગારલક્ષી તેમજ થ્રી વ્હીલર યોજનાના લાભાર્થીઓની ગાંધીનગર ખાતેથી કોમ્પ્યુટરાઇઝ ડ્રો દ્વારા પસંદગી કરી હતી. પસંદગી પામેલા લાભાર્થીઓને નજીવા દરે ધિરાણ આપવામાં આવશે.

રાજ્યના ૬૬૫ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ માટે સાત કરોડ 32 લાખ રૂપિયાથી વધુનું ધિરાણ આપવા માટે પસંદગી કરાઈ છે. આ લાભાર્થીઓ યોજનાઓના માધ્યમથી નજીવા દરે સ્વરોજગારલક્ષી સાધનો ખરીદી નાના વ્યવસાયોમાં રોજગારી મેળવી આત્મનિર્ભર બનશે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે , આજે કુલ ૩૩૭ લાભાર્થીઓના લક્ષ્યાંક સામે ૬૬૫ લાભાર્થીઓની  ઓનલાઇન ડ્રો દ્વારા સંપૂર્ણ પારદર્શિતાથી પસંદગી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# TEACHER ORDER CANCELLED

સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિવૃત શિક્ષકોની ભરતીના નિર્ણયને રાજ્ય સરકારે રદ કર્યો છે. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે અગાઉ શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂક થયા બાદ પણ રહેલી ખાલી જગ્યા પર વચગાળાની વ્યવસ્થારૂપે નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપવાનો નિર્ણય કરાયો હતો.

. . . . . . . . . . . . .

# ITI TRAINING

રાજ્યની કુલ 556 ઔધોગિક તાલીમ સંસ્થા- ITIમાં 2 લાખ 17 હજાર  કરતાં વધુ બેઠકો પર વ્યવસાયિક તાલીમ આપવામાં આવી રહી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર આ સંસ્થાઓમાં અનુસૂચિત જાતિ -જનજાતિ, દિવ્યાંગ તથા મહિલા ઉમેદવારોને ટ્યુશન ફીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. જ્યારે તાલીમાર્થીઓને માસિક 500 રૂપિયા ભથ્થું , નિ:શૂલ્ક એસ.ટી બસ પાસ યોજના , 4 લાખ રૂપિયા સુધીનું વીમા કવચ, પ્રાયોગિક તાલીમ માટે વિનામૂલ્યે રો-મટીરિયલ્સ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે 79 રાષ્ટ્રીય કક્ષાના અને 53 રાજ્ય કક્ષાના એમ કુલ 132 અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

. . . . .

# TRAIN CANCELLED

રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી પોરબંદર-શાલીમાર દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન રદ કરવામાં આવી છે. દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેના બિલાસપુર ડિવિઝનમાં સંબંધિત કાર્ય માટે બ્લોક લેવામાં આવ્યો છે. આ બ્લોકના કારણે રાજકોટ ડિવિઝનની ટ્રેન નંબર 12905 પોરબંદર-શાલીમાર દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ આગામી 27 ઓગસ્ટના રોજ અને ટ્રેન નંબર 12906 શાલીમાર-પોરબંદર દ્વિ-સાપ્તાહિક સુપરફાસ્ટ આગામી  29 ઓગસ્ટના રોજ રદ રહેશે

. . . .

# SHRAVAN SOMVAR

આજે શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે શ્રદ્ધાળુઓ શિવાલયોમાં ભક્તિમાં લીન બન્યા છે. સોમનાથ મહાદેવ મંદિરે મોડી રાતથી જ ભક્તોનો જમાવડો થયો. વહેલી સવારે 4 કલાકે મંદિરના દ્વાર ખુલતા જય સોમનાથના નાદ સાથે ભાવિકોએ સોમનાથ મહાદેવને શીશ ઝુકાવ્યુ. તો પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ પરિવાર સાથે સોમનાથ પહોચ્યા. શ્રાવણ માસના સોમવારને લઈ દિવસભર સોમનાથમાં વિવિધ પૂજા અર્ચના અને કાર્યક્રમો યોજાશે જે અંગે વધુ માહિતી આપી ટ્રસ્ટના મેનેજર વિજયસિંહ ચાવડાએ આપી.

(બાઈટ : વિજયસિંહ ચાવડા. જીએમ સોમનાથ ટ્રસ્ટ)

પંચમહાલ જિલ્લાના પાલીખંડા ખાતેના મરડેશ્વર ધામ , ગોધરા શહેરનાં અંકલેશ્વર મહાદેવ સહિતના શિવમંદિરોમાં પણ વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી હતી.

. . . . . .

# CM DHOLESHWAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે ગાંધીનગરમાં ધોળેશ્વર મહાદેવના દર્શન કર્યા. દરમિયાન તેમણે સૌ નાગરિકોની શાંતિ , સુખાકારી અને રાજ્યની પ્રગતિ માટે પ્રાર્થના કરી.

શ્રી પટેલે ધોળેશ્વર મહાદેવના મહંતશ્રી રામસ્વરૂપ પુરીજી સાથે મંદિર પરિસરમાં મુલાકાત કરીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા અને દર્શનાર્થીઓનું અભિવાદન પણ ઝીલ્યું હતું.

. . . . .

# MEHSANA I KHEDUT PORTAL

મહેસાણા જિલ્લામાં કૃષિ સાધનો પર સહાય મેળવવા "આઈ ખેડૂત પોર્ટલ" પર આગામી આઠ ઑગસ્ટ સુધી અરજી કરી શકાશે.

વર્ષ 2025-26 માટે બાગાયત ખાતાની સહાયલક્ષી યોજના "કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમ" અંતર્ગત ખેડૂતો મિની કૃષિ સાધનો ખરીદી પર સહાય મેળવી શકશે.

અરજી કરતા પહેલા ખેડૂતોએ આઈ ખેડૂત ડૉટ ગુજરાત ડૉટ જીઓવી ડૉટ ઇન પોર્ટલ પર નોંધણી કરાવવી ફરજિયાત છે.

........................................

# RAILWAY CROSSING

અમદાવાદ રેલવે મંડળના વિરોચન નગર –ઝંખવાડા મથકની વચ્ચે આવેલું વિરોચન નગર ફાટક આજથી બંધ રહેશે.

રેલવે દ્વારા સમારકામ અને જાળવણીની કામગીરી માટે આજે સવારે આઠ વાગ્યાથી પહેલી ઑગસ્ટે સાંજે આઠ વાગ્યા સુધી બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.

આ સમયગાળા દરમિયાન હળવા વાહનો માટે છારોડી રેલવે ફાટક અને ભારે વાહનો સચાણા રેલવે ફાટક દ્વારા અવરજવર કરી શકાશે.

..................